ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ મુજબની રકમ નિગમને ફાળવવા બાબત

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/GSK/e-file/17/2023/2121/G

સચિવાલય, ગાંધીનગર

તા.18/01/2024

વંચાણમાં લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક : SJED/CIE/e-file/17/2022/2945/B

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૦૬/૨૦૨૩ નો પત્ર ક્રમાંક :અજાક/મ-૧/નિગમ/૨૦૨૩-૨૪/૩૦૨૯

આમુખ:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૨૨૦૦.૦૦ લાખ તથા SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૧/૦૬/૨૦૨૩ ના પત્રથી ઉક્ત બજેટ જોગવાઈ મુજબની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ :

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૨૨૦૦.૦૦ લાખ તથા SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા વહીવટી મંજૂરી આપવામાં આવે છે. ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો:

(૧) વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાંટ છૂટી કરવાની દરખાસ્ત સાથે જે તે માસના અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે.

(૬) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના વર્ષ ૨૦૧૮-૧૯ તથા ત્યારબાદના હિસાબો પડતર હોઈ નાણાકીય અનિયમિતતા નિવારવા આ અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી ક્રમાંક : ૯૫, ૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW 12 અને માંગણી ક્રમાંક:૯૫, ૨૨૨૫-૦૧-૧૯૦-૦૨-SCW 15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૦/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: CHIRAGKUMAR RASIKBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jan-2024 (01:05 PM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ